ગાંધીનગર સમાચાર




# આજથી દશામાના વ્રતનો શ્રદ્ધાપૂર્વક પ્રારંભ

## દસ દિવસ ધામધૂમપૂર્વક દશામાનું વ્રત થશે, પૂજાપો, મૂર્તિ તથા ચીજવસ્તુઓની ખરીદી માટે મહિલાઓ ઉમટી

ગાંધીનગર, તા. ૧૩

આજે દિવાસાના પવિત્ર દિવસથી અપાર પરચા પૂરનાર મા દશામાના વ્રતનો દબદબાભેર પ્રારંભ થયો છે. વહેલી સવારે સારા મુહૂર્તમાં મા દશામાની મૂર્તિનું સ્થાપન કરી પૂજા-અર્ચના, આરતી અને પ્રસાદ લેવાયો હતો. દર વર્ષે વ્રત કરનારની સંખ્યામાં ઉમેરો થતો જાય છે જેથી શ્રદ્ધા અને વિશ્વાસની સરવાણી વહી રહી છે. ગુરૂવારના રોજ ચિલોડા બજારમાં માતાજીની મૂર્તિ, પૂજાપો તથા અન્ય જરૂરી ચિજવસ્તુઓ માટે મોટી સંખ્યામાં મહિલાઓ ઉમટી પડી હતી જેથી બજાર ભરચક ભાસી રહ્યું હતું.

દસ દિવસીય દશામાના વ્રતનો આજથી મંગલ પ્રારંભ થયો છે. વ્રતના પૂર્વે શ્રદ્ધાળુ ભક્તોએ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી હતી જે કારણે ચિલોડા સહિત અનેક સ્થળોએ બજાર ધમધમી ઉઠ્યા હતા. દિવાસાના પવિત્ર દિવસે માતાજીની મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું હતું અને દસ દિવસના વ્રતનો સંકલ્પ કરી દસ ગાંઠો સહિતનો દોરો કંકુ વાળો કરી માતાજી સમક્ષ રાખવામાં



આવ્યો હતો. જેમાં એક ટાણા અને નકરોડા ઉપવાસ રાખવામાં આવશે અને દૈનિક સવાર સાંજ માતાજીનું પૂજન-અર્ચન, ગરબા, આરતી અને પ્રસાદ ધરાવવામાં આવશે. અને રોજ એક ગાંઠ ખોલીને તે દિવસ ગણતરીમાં લેવાતો જવાશે.

વ્રત દરમ્યાન ધાર્મિક માહોલ ઉભો થાય છે અને પરચા પૂરનાર માં દશામાના અનેક પરચા પણ જોવા મળતા હોવાનું ભક્તો જણાવી રહ્યા છે. વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે સાંજે ભજન તથા અન્ય કાર્યક્રમોનું પણ આયોજન થતુ હોય છે. દસ દિવસના અંતે વહેલી સવારે વાજતે ગાજતે માતાજીનું વિસર્જન કરી ભાવભીની વિદાય આપવામાં આવે છે. ઘણા વર્ષોથી માતાજીનું આ વ્રત થઈ રહ્યું છે. જેમાં ઘણા ભક્તો પાંચ, સાત કે દસ વર્ષે તેની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરતાં હોય છે. જેમાં કુંવાસીઓ તથા બ્રાહ્મણોને ભોજન કરાવી દાન-પુર્ણ કરી ધન્ય બનતા હોય છે. દશામાના વ્રતનો મહિમા વર્ષ પ્રતિ વર્ષ વધતો જાય છે અને આસ્થા અને શ્રદ્ધાનો ધોધ વહેતો જાય છે જે વ્રત દરમ્યાન જોવા મળે છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# મહુન્દ્રા પાટીયા પાસેથી દારૂનો જથ્થો ભરેલી કાર ઝડપાઈ

## લોકલ ક્રાઈમ બ્રાન્ચને વોચમાં જોઈને ડ્રાઈવર ગાડી મુકીને ભાગી ગયો : રૂ. ૫.૯૨ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીને આધારે આજે વહેલી સવારે ચિલોડા-હિંમતનગર હાઈવે પર સ્થિત મહુન્દ્રા પાટીયા પાસે વોચ ગોઠવી હતી. પોલીસને જોઈને એસ.એક્સ-૪ ગાડી મુકી ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. ગાડીમાં તપાસ કરતાં અંદરથી દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ગાડી સહિત રૂ. ૫.૯૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને સઘન તપાસ શરૂ કરી છે.

જિલ્લા પોલિસ વડા વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી દારૂ-જુગારની બદીને સદંતર નાબુદ કરવા એલસીબીની ટીમ દોડતી થઈ છે. એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી આજે મહુન્દ્રા પાટીયા પાસેથી દારૂ-બિયર ભરેલી કારને ટીમે પકડી પાડી છે. ટીમને બાતમી મળી હતી કે એસ.એક્સ-૪ ગાડી નં. જીજે-૧૮-એસી ૪૧૯૫માં દારૂ-બિયર ભરેલો છે અને ચિલોડા-હિંમતનગર હાઈવે પરથી આ ગાડી વહેલી સવારે પસાર થવાની છે જેને આધારે મહુન્દ્રા પાટીયા પાસે વોચ ગોઠવીને એલસીબીની ટીમ ઉભી રહી ગઈ હતી. ટીમને જોઈને કાર ઉભી રાખી દઈ ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. પોલીસ દોડીને ગાડી સુધી પહોંચી ત્યાં સુધીમાં તે રફફુચક્કર થઈ ગયો હતો. જયારે ગાડીમાં તપાસ કરી તો અંદરથી દારૂ અને બિયરના કુલ ૩૮૬ નંગ મળી આવ્યા હતાં. રૂ. ૯૨ હજારનો દારૂ-બિયર તથા રૂ. ૫ લાખની કાર મળીને કુલ રૂ. ૫.૯૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એસીબીએ ચિલોડા પોલીસ મથકમાં ગુનો દાખલ કર્યો છે. કાર કોની છે? કોણ કયાંથી માલ લાવ્યું હતું અને કયાં લઈ જવાઈ રહ્યો હતો તે સહિતની તપાસ ચિલોડા પોલીસે શરૂ કરી છે.




## @ગાંધીનગર

● કુડાસણ વિસ્તારના ભાઈજીપુરાની ઈ-૭૦ શ્યામશુકન સોસાયટી ખાતે સવારે ૯-૦૦ કલાકે લઘુરૂદ્રાભિષેક યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેકટર-૨૧ ખાતે હરીયાળી ઘટાના હિંડોળા યોજાશે.

● સે-૭ સ્થિત ચૌધરી હોસ્ટેલ ખાતે મહિલા સશકિતકરણ પખવાડિયા અંતગર્ત મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસનો કાર્યક્રમ યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ આજે બીપીનભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન પ્લોટ નં. ૭૭૯/૧, સે-૨-ડી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે રાખેલ છે.

● લાયોનેસ કલબ દ્વારા મહિલા સાયકલ રેલીનું આયોજન સવારે ૭-૦૦ વાગે મહાત્મા મંદિરેથી કરાયું છે.

- નજાહખાનમ સૈયદ

## સે-૪માં રવિવારે કાનૂની માર્ગદર્શન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા કાનૂની સહાય સત્તા મંડળ દ્વારા તા. ૧૬મી ઓગષ્ટ રવિવારે સાંજે ૪ કલાકે સિનિયર સિટીઝન્સ માટે કાયદાની જાણકારી માટે ઉપયોગી માર્ગદર્શન શિબિર યોજાશે. આ શિબિર સેકટર-૪ના બગીચામાં યોજાશે. જેમાં પેરાલીગલ વોલીયેન્ટર્સ જયરામભાઈ સોની, સુધીરભાઈ દેસાઈ, સીતારામભાઈ પટેલ તથા સ્થાનિક રહીશ દિનેશભાઈ દવે ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરું પાડશે. કાર્યક્રમમાં આર.આર. પટેલ અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેશે.

## સાત વર્ષથી વોન્ટેડ બે આરોપીઓ ઝડપાયા : એસ.ઓ.જી.એ આરોપીઓ પકડીને પેથાપુર પોલીસને સોંપ્યા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. પી.બી. ચૌહાણની સુચનાને આધારે તેમની ટીમે વોન્ટેડ આરોપીઓની માહીતીઓ મેળવવાની કામગીરી શરુ કરી છે. જે આધારે પીએસઆઈ ઉત્સવ બારોટ અને અમિત ભરવાડે છેલ્લા સાત વર્ષથી વોન્ટેડ બે આરોપીઓને પકડી પાડયા છે. વર્ષો પહેલા પેથાપુર વિસ્તારમાં રહેતા અને જે તે સમયે મારામારી થયા બાદ મકાન બદલીને ભાગી ગયેલા આરોપીઓ પૈકી દિનેશ ભીખારામ માળીને રાજસ્થાનના શિરોહી જિલ્લાના બાલદા ગામેથી અને બાબુલ ભીખાજી માળીને વાસન મહાદેવ ગામેથી ઝડપી પાડી બંને વોન્ટેડ આરોપીઓને પેથાપુર પોલીસ મથકમાં સોંપી દેવામાં આવ્યા છે.

## સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા મહિલા કાનુની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

મુખ્યમંત્રીના ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત હાલમાં મહીલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણીના આયોજનના ભાગરૂપે મહિલા કાનુની જાગૃતિ દિવસ જાહેર કરવામાં આવેલ હોય સુરક્ષા સેતુ સોસાયટી પોલીસ અધિક્ષક, ગાંધીનગર દ્વારા મહિલા કાનુની શિબિરનું આયોજન ટાઉન હોલ, સેકરટ-૧૭ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રંથ નિર્માણ બોર્ડના ઉપાધ્યક્ષ ભાવનાબેન દવે, ગાંધીનગરના મેયર હંસાબેન મોદી, જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલ તથા અન્ય મહીલા અગ્રણીઓ હાજર રહ્યા હતાં. ઉપસ્થિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટય બાદ વિરેન્દ્ર યાદવ પોલીસ અધિક્ષક, ગાંધીનગર દ્વારા મહિલાઓના સ્વરક્ષણ તથા સલામતી માટે સુરક્ષા સેતુ અંતર્ગત કરવામાં આવતી કામગીરી તથા મહીલાઓની સલામતી માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિ તથા હેલ્પલાઈન વિષે માહિતી આપવામાં આવી હતી.

હાઈકોર્ટના એડવોકેટ અમીબેન યાજ્ઞિક તેમજ જેન્ડર રીસોર્સના



અમદાવાદના શૈલેન્દ્ર ઝાલા તથા તેમની ટીમના સભ્યો દ્વારા જેન્ડર રીસોર્સ સેન્ટર હસ્તકના મહીલાઓ માટેના સ્પગેટ સ્ટેશન તેમજ કરવામાં આવતા કાઉન્સેલીંગ અંગે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના મહીલા સુરક્ષા સમિતિના સભ્યો તથા શાળા કોલેજની વિદ્યાર્થીનીઓ મળી ૭૦૦ જેટલી મહીલાઓએ આ સેમિનારમાં ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન ગત વર્ષ કુરીયર બોયના સ્વાંગમાં ગાંધીનગરમાં બનેલા ચેન સ્નેચીંગના આરોપીને હિંમતભેર પકડવાની કામગીરી કરનાર સીનીયર સીટીઝન ફાલ્ગુનીબેન મહેતા કે જેઓની ઉંમર ૬૭ વર્ષ છે તેઓ એક મિસાલ રૂપ છે તેઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પી.સી. વાલેરા સુરક્ષા સેતુના લાયઝન અધિકારી દ્વારા કરવામાં આવ્યું હતું.

## રવિવારે શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના શહેર જાગૃત નાગરિક પરિષદની ખાસ બેઠક તા. ૧૬મી ઓગષ્ટ રવિવારે સે-૭ની ચૌધરી શાળામાં સાંજના ૫-૦૦ વાગે યોજાશે. આ બેઠકમાં પરિષદ દ્વારા અત્યાર સુધીમાં લેવાયેલ નિર્ણયોની સમીક્ષા કરાશે તેમજ ભાવિ કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. બેઠકમાં સંસ્થાના પદાધિકારીઓ, કાર્યવાહક સમિતના સભ્યોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ખેતીવાડી ખાતાના મીનીસ્ટ્રીયલ સર્વીસીઝ એસોસીએશનના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના એસોસિએશન ઓફ ધી મીનીસ્ટ્રીયલ સર્વીસીઝ (વર્ગ-૩) ઓફ ગુજરાત એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટની સામાન્ય સભા તાજેતરમાં મળી હતી. આ સભામાં વર્ષ ૨૦૧૫-૧૬ માટે કારોબારીના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

કારોબારી હોદ્દેદારોમાં પ્રમુખ પદે વી.એલ. ચૌધરી, મહામંત્રી પદે એચ.ડી. બારીયા, ઉપપ્રમુખ પદે કે.એસ. પટેલ અને કે.એમ. મિસ્ત્રી, ખજાનચી પદે જયેશ વ્યાસ, સહમંત્રી પદે સુમિત્રાબેન ગામીત તેમજ સંગઠન મંત્રી પદે એમ.એ. મિરઝાની નિમણુંક કરવામાં આવી છે. કારોબારી સભ્યોમાં યુ.આર.પટેલ, એ.કે. પરમાર અને યુ.જી. પટેલની વરણી કરવામાં આવી છે.

વડોદરા વિભાગની કારોબારીમાં આઈ.એચ. દિવાનની ઉપપ્રમુખ પદે એલ.જે. પટેલની વિભાગીય મંત્રી પદે, સંગઠન મંત્રી પદે પી.એસ. મકવાણા તેમજ કારોબારી સભ્યોમાં એસ.એમ. ભાટીયા અને શ્રીમતી ડી.બી. પંચાલની વરણી કરાઈ છે. આ ઉપરાંત રાજકોટ વિભાગમાં ઉપપ્રમુખ પદે એચ.આઈ. કાતરોડીયા, વિભાગીય મંત્રી પદે કે.પી. મહેતા, સંગઠન મંત્રી પદે જે.પી. કોરવાડીયા તથા કારોબારી સભ્યોમાં જે.આર. શુકલ અને જી.ડી. વ્યાસની પસંદગી કરવામાં આવી છે.

## રવિવારે નેશનલ રૂરલ આઈટી કવીઝ ૨૦૧૫ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે નેશનલ રૂરલ આઈટી કવીઝ ૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે. આ કવીઝ સ્પર્ધા તા. ૧૬મી ઓગષ્ટે સે-૨૩માં નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે યોજાશે.

નેશનલ રૂરલ આઈટી કવીઝ સ્પર્ધામાં નગરની દરેક શાળામાંથી કુલ ત્રણ ટીમ ભાગ લઈ શકશે. જેમાં ધો-૮થી ૧૨ સુધીના વર્ગોના બે વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ સ્પર્ધા માટે એલીમીનેશન ટેસ્ટ તા. ૧૪મી ઓગષ્ટ શુક્રવારે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે સવારે ૯-૦૦ કલાકે યોજાશે. દરેક જિલ્લાની પ્રથમ દસ ટીમ રાજય કક્ષાની સ્પર્ધા રમવા જશે. આ સ્પર્ધામાં જિલ્લામાંથી ૧૦૦ જેટલી શાળાઓ જોડાવાનો અંદાજ છે. સ્પર્ધાની વધુ વિગતો માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના કોઓર્ડિનેટર હાર્દિક મકવાણાનો સંપર્ક સાધવા જણાવાયું છે.

## વાવોલ સધીમાંના મંદિર પાસેથી પાંચ શકુનીઓ પકડાયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર પાસેના વાવોલ ગામમાં સ્થિત સધી માતાના મંદિર પાસે ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી સેકટર-૭ પોલીસને મળી હતી. બાતમીના આધારે જુગારધામ પર દરોડો પાડયો હતો. અને પાનાપત્તાનો જુગાર ખેલી રહેલા પાંચ શકુનીઓને રંગે હાથ ઝડપી પાડયા હતા. પોલીસે દરોડામાં ત્રણ વાહનો, ૬ મોબાઈલ તથા રૂ. ૩૪ હજાર રોકડ મળીને કુલ રૂ. ૧૦.૭૦ લાખના મુદ્દામાલ સાથે પાંચેય જુગારીયાઓની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે તમામ વિરૂદ્ધ જુગારધારા મુજબ ગુન્હો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૭ પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમના કોન્સ્ટેબલ ધિરેન્દ્રસિંહ બહાદુરસિંહ, પુષ્પેન્દ્રસિંહ વિજેન્દ્રસિંહ, વિશાલસિંહ અને શેતાનસિંહ સહીતના માણસોએ બાતમીને આધારે સમી સાંજે વાવોલનાં સધીમાંના મંદિર પાસે ચાલી રહેલા જુગારધામ પર દરોડો પાડયો હતો. ખુલ્લેઆમ જુગાર રમી રહેલા પાંચ શખ્સોને ટીમે દબોચી લીધા હતાં. વાવોલની કેશવપાર્ક સોસાયટીમાં મકાન નં.

**રૂ. ૧૦.૭૦ લાખનાં મુદ્દામાલ સાથે સે-૭ પોલીસે પાંચેયની ધરપકડ કરી લીધી**

૧૧૩ ખાતે રહેતા જિતેન્દ્ર રમેશ પટેલ, સે-૫-સી પ્લોટ નં. ૧૫૮૪/૧માં રહેતા ઉત્તમ બાલકરામ શર્મા, સે-૨-બી પ્લોટ નં. ૧૦૭૦માં રહેતા ધવલ પોપટ પટેલ, કોલવડા સોનીપુર રોડ પર રહેતા પ્રવિણ અર્જુન ચૌહાણ અને સેકટર-૨૩ પ્લોટ નં. ૩૩૪/એ ખાતે રહેતા હિતેશ પંકજ પટેલ મળીને પાંચેય શખ્સોની સે-૭ પોલીસે ધરપકડ કરી એકટીવા, આઈ-૨૦ ગાડી, સ્કોર્પીઓ, ૬ નંગ મોબાઈલ અને રોકડ રૂ. ૩૪,૦૬૦ મળીને કુલ રૂ. ૧૦,૭૦,૫૬૦નો મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો છે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં કરાર આધારિત ટ્રાફિક બ્રિગેડના ૮૪ જવાનોને કોન્ટ્રાકટ પૂરો થતા ફરજ મુકત કરવામાં આવ્યા છે.

● સે-૨૪માં દશામાં યુવક મંડળ દ્વારા દશામાંના વ્રત નિમિત્તે ઉજવણીનો પ્રારંભ કરાશે. સે-૨૪માં દશામાંના મંદિરે દરરોજ સાંજે ૮ કલાકે આરતી અને ૯ કલાકે માતાજીના ગરબા યોજાશે.

● સ્થાનિક શ્રમણ સંઘના આચાર્ય પૂ. આનંદત્રદષિજી મ.સા.ની ૧૧૬મી જન્મ જયંતિનો ત્રિદિવસીય મહોત્સવ આયોજિત કરાયો છે. આ મહોત્સવમાં શુક્રવારે આયંબીલ તપ, શનિવારે જરૂરિયાતમંદોને અન્નદાન-વસ્ત્રદાન તેમજ રવિવારે સમૂહ સામયિક તથા નવગ્રહ શાંતિના જાપ યોજાશે.

● પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતો હોવાથી બજારમાં પૂજાપા વગેરે સામગ્રી માટે ખરીદીની ભીડ જોવા મળી હતી. ઘણા શ્રધ્ધાળુઓએ બિલીપત્રો ની વ્યવસ્થા પણ ગોઠવવા દોડાદોડ કરી હતી.

- સમીર રામી
9924446645

## સ્વાતંત્ર્ય દિને વૈજનાથ મહાદેવ ખાતે રકતદાન શિબિર

ગાંધીનગર, તા. ૧૩

સેકટર-૨૧મા સ્થિત વૈજનાથ મહાદેવ મંદિર ખાતે આગામી તા. ૧૫મી ઓગષ્ટના રોજ સવારે ૬.૦૦ થી ૯.૦૦ કલાક દરમિયાન રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. કેમ્પનું આયોજન મંદિરના યુવક મંડળ, સહયોગ મંડળ અને સીનીયર સીટીઝન કાઉન્સીલ દ્વારા કરાશે. આરોગ્ય સમિતિના કન્વીનર રસીકભાઈ ગાંધીએ આ અંગેની માહિતી આપેલ છે. રકતદાતાઓએ રકતદાન દ્વારા મુશ્કેલીના સમયે કોઈકનું જીવન બચાવી શકાય છે તે જાણી રકતદાન એ મહાદાન સૂત્રને સાર્થક કરવા મોટી સંખ્યામાં ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## આજે સે-૫માં શિવ મહિમ્ન સ્ત્રોતનું સમૂહગાન

ગાંધીનગર, તા. ૧૩

સેકટર-૫ પંચમુખી મહાદેવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોતનું સમૂહગાન તા. ૧૪મી ઓગષ્ટ શુક્રવારે સવારે ૭.૩૦ કલાકે સે-૫ના મંદિર પરિસરમાં સમૂહગાન કરાશે. આ કાર્યક્રમનો લાભ લેવા તમામ નગરજનો તથા ભાવિક ભકતોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

# પવિત્ર શ્રાવણ માસનો આવતીકાલથી શુભારંભ

## નગરના મંદિરો 'ઓમ નમઃ શિવાય'ના નાદથી ગુંજી ઉઠશે, ભોળાનાથની આરાધનાના પર્વમાં ભકતોની ઉપાસના

ગાંધીનગર, તા. ૧૩

શિવ શંકર ભોળનાથને પ્રિય એવા પવિત્ર શ્રાવણ માસનો આવતીકાલ શનિવારથી શુભારંભ થઈ રહ્યો છે. નગરના મંદિરોમાં ભોળાનાથને રીઝવવા માટેની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. સવાર-સાંજ મંદિરો 'બમબમ ભોલે' અને 'ઓમ નમઃ શિવાય'ના નાદથી એક માસ સુધી ગુંજતા રહેશે. શિવ ભકતો ભોળાનાથને પ્રિય એવી ચીજવસ્તુઓ અર્પણ કરી તેમની પુજા અર્ચનામાં મગ્ન રહેશે. પૌરાણિક કથાઓમાં શ્રાવણ માસમાં શંકર ભગવાનની પૂજા અંગે અનેક કારણો દર્શાવાયા છે પરંતુ ભકતો શ્રધ્ધાપૂર્વક આ પવિત્ર માસમાં ભોળાનાથને શકિત પ્રમાણે ભકિત કરી ધન્ય બનવાના પ્રયાસો કરે છે.

રિમઝિમ રિમઝિમ વરસાદના અમી છાંટણાઓ સાથે ભોળાનાથ શિવશંકર મહાદેવને પ્રસન્ન કરવાનો પવિત્ર માસ શ્રાવણ શનિવારથી શરૂ થાય છે. બાર જયોર્તિલિંગમાં વસેલા મહાદેવનું દેશભરના મંદિરો અને પવિત્ર સ્થાનોએ શ્રાવણ માસમાં દબદબાભેર પૂજન અર્ચન થશે. ભોળાનાથના મંદિરોને સાફસફાઈ



તથા રોશનીથી શણગારીને સજ્જ કરી દેવાયા છે. શ્રાવણ માસ દરમિયન ભકતો દ્વારા સવાર સાંજ શંકર ભગવાનના શિવલિંગને જળાભિષેક, દુગ્ધાભિષેક, શેરડીનો રસ, ચંદનાભિષેક, ધતુરાનુ ફુલ, ફળફળાદિ, બિલી તથા અન્ય પુષ્પો અર્પણ કરી પ્રસન્ન કરવા પ્રયત્નો કરવામાં આવશે.

શ્રાવણ માસ દરમિયાન કેટલાક ભકતજનો ઉપવાસ પણ કરતા હોય છે તો આ પવિત્ર માસમાં હજામત ન કરીને પણ ભોળાનાથને રીઝવવા પ્રયાસ થતા હોય છે. ભકતજનોના તમામ કષ્ટો દુર કરવા માટે હરહંમેશ રાજી એવા ભોળાનાથના શિવાલયો એક માસ સુધી વિવિધ ધાર્મિક પ્રસંગો થકી ધમધમતા બની રહેશે. વિશેષ કરીને દર સોમવારે શિવ મંદિરો ભકતોની ભીડથી ઉભરાતા રહ્યા છે. પૌરાણિક કથાઓમાં શ્રાવણ માસમાં શિવજીને પ્રસન્ન કરવા પાછળ અનેક મહત્વપૂર્ણ બિનાઓ ટાંકવામાં આવી છે. જેમાં વિષપાન કર્યા પછીની બળતરાને ઓછી કરવા દેવી દેવતાએ શિવજીને જળ અર્પણ કર્યું હતું. જયારે અન્ય વર્ણન મુજબ ભગવાન વિષ્ણુ યોગ નિદ્રામાં શ્રાવણ માસમાં જાય છે ત્યારે સૃષ્ટિનું સંચાલન શિવજીને સોંપ્યું હતું જેથી શ્રાવણ માસમાં દેવતા શિવજી પૂજાય છે.

દેશ અને રાજયમાં અનેક શિવાલયો આવેલા છે અને ભોળાનાથ દરેક જગ્યાએ જુદા જુદા નામથી પૂજાય છે અને તેની પાછળ મહિમા આલેખાયેલો છે આ તમામ શિવાલયો શનિવારથી ઓમ્ નમઃ શિવાયના પ્રચંડ ધ્વનિ સાથે ગુંજી ઉઠશે અને ભકતો તન-મન અને ધનથી શિવજીના પુજનમાં લીન બનશે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## બારેજડી ખાતે મેથોડિસ્ટ ચર્ચમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

અમદાવાદ જિલ્લાના તા. દસક્રોઈના બારેજડી ખાતેના મેથોડિસ્ટ ચર્ચ દ્વારા ૬૯માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન જાણીતા નાટય-ટીવી કલાકાર હસમુખ મેકવાનના હસ્તે સવારે ૮.૩૦ કલાકે ધ્વજવંદન કરવામાં આવશે. આ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવશે.

## ચિરવિદાય

- સ્વ. રમેશચંદ્ર સોમાભાઈ પરમાર, ઉ.વ.૬૨, ૭૦૪, આદર્શનગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. શુકલદેવ બ્રહ્મદેવ ઉરાવ, ઉ.વ.૨૨, મુ. સુરંગી તોલા, જિ. લાતેહર, રાજય-ઝારખંડ.
- સ્વ. મોતીબા કાળુસિંહ રાઠોડ, ઉ.વ.૯૫, ગામ દોલારાણા વાસણા, ગાંધીનગર.
- સ્વ. ગજીબા જવાનજી મકવાણા, ઉ.વ.૯૦, મુ.તાજપુર કુઈ, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા.